## 1. ગુપ્તયુગ અને હર્ષકાલીન સંસ્કૃત સાહિત્ય રચનાનો વિગતે પરિચય કરાવો.

- ગુપ્તયુગ અને હર્ષકાલીન સમયમાં ભારતમાં બે મુખ્ય ભાષાઓ હતી : (1) સંસ્કૃત અને (2) દ્રવિડિયન. ઉત્તર ભારતમાં સંસ્કૃત તથા તેની શાખારૂપ પ્રાકૃત ભાષાઓમાં અમર સાહિત્યનું સર્જન થયું. દક્ષિણ ભારતમાં તમિલ, કન્નડ, તેલુગુ, મલયાલમ વગેરે ભાષાઓમાં સાહિત્યનું સર્જન થયું. સંસ્કૃત એ વિશ્વની પ્રાચીનતમ ભાષાઓ પૈકીની એક છે. પ્રાચીન ભારતમાં તે રાષ્ટ્રીય ભાષા હતી. સંસ્કૃત એ શિસ્તબદ્ધ અને સમૃદ્ધ ભાષા છે. તેનું વ્યાકરણ શાસ્ત્રીય, વૈજ્ઞાનિક અને સંપૂર્ણ ખગોળ અને જ્યોતિષ, સાહિત્ય અને લલિતકલાઓ, શરીરશાસ્ત્ર અને વૈદક, વિજ્ઞાન અને ગણિત તથા રાજ્યશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર જેવા અનેક વિષયો પર સંસ્કૃત ભાષામાં અમૂલ્ય ગ્રંથો રચાયા છે. મહાકવિ કાલિદાસે સંસ્કૃતમાં લખેલ ‘અભિજ્ઞાનશાકુંતલમ’ સહિત વિશ્વની શ્રેષ્ઠ નાટ્યકૃતિ છે. (આ નાટકનું સૌપ્રથમ અંગ્રેજી ભાષાંતર સર વિલિયમ જૉન્સે કર્યું હતું.)
- શિષ્ટ સમાજમાં અને રાજભાષા તરીકે સંસ્કૃતનો વપરાશ સર્વસામાન્ય હતો. ઉચ્ચશિક્ષણ આ ભાષા દ્વારા આપવામાં આવતું હતું.સંસ્કૃત ભાષાના અમરગ્રંથોમાંથી તે સમયની સમાજ અને સંસ્કૃતિની માહિતી મળે છે. બોદ્ધ અને જૈનધર્મીઓએ પણ સંસ્કૃત ભાષા અપનાવી હતી. વિદેશી યાત્રીઓને પણ સંસ્કૃત ભાષામાં વાતચીત કરવાની કોઈ મુશ્કેલી પડી ન હતી. ભારતમાં આવેલા ગ્રીક, શક વગેરે વિદેશીઓએ પણ સંસ્કૃત ભાષા અપનાવી હતી.

  1. ગુપ્તકાલીન સંસ્કૃત સાહિત્ય : ગુપ્ત સમ્રાટો વિદ્યાના પોષક અને સંસ્કારી હતા. તેઓ હિન્દુ ધર્મના ઉપાસકો હોવાથી તેમના યુગમાં સંસ્કૃત સાહિત્યનું પુનરુત્થાન થયું. કાશી, મથુરા, નાશિક, પાટલિપુત્ર, ઉજ્જૈન, વલભી, કાંચી, : પદ્માવતી અને અવરપુત્ર સાહિત્ય વિકાસનાં સર્વોત્તમ કેન્દ્રો હતાં. રાજ્ય, શ્રીમંતો અને જમીનદારોના દાનપુણ્ય અને પ્રોત્સાહનથી સાહિત્યિક પ્રવૃત્તિઓને વેગ મળ્યો હતો. ગુપ્ત સમ્રાટો વિદ્વાનો હતા અને તેઓ કવિઓ તથા વિદ્વાનોને પોતાના દરબારમાં આશ્રય આપતા હતા. ગુપ્તયુગમાં સ્કંદ, શિવ, ભાગવત, મત્સ્ય, વાયુ અને બ્રહ્માંડ પુરાણોનું નવસંસ્કરણ કરવામાં આવ્યું.
- વાસ્યાયનના કામસૂત્ર તથા વિષ્ણુશર્માના ‘પંચતંત્ર’ અને નારાયણ પંડિતના ‘હિતોપદેશ’ની રચના આ સમયમાં થઈ હતી. ‘પંચતંત્ર’ અને ‘હિતોપદેશ’ના જગતની પચાસથી વધુ ભાષાઓમાં અનુવાદો થયા છે, તે આ સાહિત્યની શ્રેષ્ઠતા બતાવે છે. સમ્રાટ સમુદ્રગુપ્તના રાજકવિ હરિષણે લખેલ પ્રયાગપ્રશસ્તિ’ સંસ્કૃત ગદ્યસાહિત્યનો નોંધપાત્ર નમૂનો ગણાય છે. કાલિદાસે ‘અભિજ્ઞાનશાકુન્તલ’, ‘માલવિકાગ્નિમિત્ર’, ‘મેઘદૂત’, ‘કુમારસંભવ’, ‘રઘુવંશ’ જેવાં ઉત્તમ કાવ્યોનાટકોની રચના કરી. સંસ્કૃત સાહિત્યનો બીજો મહાન નાટ્યલેખક ભાસ પણ ગુપ્તયુગમાં થયો હતો. તેણે 13 નાટકો લખ્યાં હતાં. ‘સ્વપ્નવાસવદત્તમ‘ તેનું સૌથી વધુ પ્રખ્યાત નાટક છે.
- આ ઉપરાંત વિશાખદત્તનું ‘મુદ્રારાક્ષસ’ અને ‘દેવીચંદ્રગુપ્ત’, શૂદ્રકનું ‘મૃચ્છકટિક’, ભારવિનું ‘કિરાતાર્જુનિય’, દેડીનું ‘દશકુમારચરિત’, અમરસિંહનું ‘અમરકોષ’ આ તમામ ઉત્કૃષ્ટ સાહિત્યકૃતિઓ ગુપ્તયુગની ભેટ છે. બૌદ્ધ વિદ્વાનોમાં અસંગ, વસુબંધુ, દિગનાથ અને ધર્મપાલ તેમજ જૈન વિદ્વાનોમાં ભદ્રબાહુ દ્વિતીય, સિદ્ધસેન અને ઉમેદવતી મુખ્ય હતાં.

  2. હર્ષકાલીન સંસ્કૃત સાહિત્ય : હર્ષવર્ધન કલાપ્રેમી, વિદ્વાન, વિદ્વાનોનો પોષક તેમજ સંસ્કારી અને સાહિત્યપ્રેમી રાજા હતો. સમ્રાટ હર્ષના દરબારનો રાજકવિ બાણભટ્ટ આ સમયનો પ્રસિદ્ધ કવિ અને લેખક હતો. તેણે

'હર્ષચરિત' અને 'કાદંબરી' નામના ઉત્તમ ગ્રંથો રચ્યા. 'હર્ષચરિત' તે સમયની રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓની ઐતિહાસિક માહિતી આપતો પ્રાચીન ગ્રંથ છે.

- જ્યારે 'કાદંબરી'ની કથા અને તેનું પ્રકૃતિવર્ણન સુંદર અને સજીવ છે. સમ્રાટ હર્ષવર્ધન પોતે પણ વિદ્વાન હતો. તેણે પ્રિયદર્શિકા', 'રત્નાવલી' અને 'નાગાનંદ' નામનાં સુંદર નાટકો લખ્યાં. આ સમયમાં થયેલા કવિ ભટ્ટીએ 'રાવણવધ' નામનું મહાકાવ્ય રચી, નવા પ્રકારના મહાકાવ્યની પહેલ કરી.. સમ્રાટ હર્ષવર્ધનના દરબારમાં મયૂર, માતંગ, દિવાકર અને જયસેન જેવા વિદ્વાન કવિઓ હતા. રાજા યશોવર્ધનના દરબારમાં પ્રસિદ્ધ નાટ્યલેખક ભવભૂતિ હતા. ઈ. સ.ની 5મી સદીમાં ભરતમુનિએ નાટ્યકલા પર 'નાટ્યશાસ્ત્ર' લખ્યું હતું.

2. આર્યભટ્ટ અને વરાહમિહિરની સિદ્ધિઓ આલેખો,

- મૌર્યકાલીન સમયમાં ગણિત, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, વિદ્યો, ધાતુવિદ્યા, રસાયણવિદ્યા અને બીજી અનેક વિધાઓનો વિકાસ થયો હતો. આર્યભટ્ટ : આર્યભટ્ટ મહાન ગણિતશા હતા, તેઓ ગણીતશાસ્ત્રના પિતા ગણાય છે. તેમણે 'આર્યભટ્ટીય' ગ્રંથ દ્વારા ગણિતને એક સ્વતંત્ર વિનાના તરીકે વિકસાવ્યું હતું.
- આર્યભટ્ટે 'શૂન્ય'ની શોધ કરીને ગણિતના ક્ષેત્રે ક્રાંતિ કરી હતી. તેમણે લખેલા 'આર્યભટ્ટીય' ગ્રંથમાં પાઈના સિદ્ધાંતો. (પાઈની કિંમત 3.14 આપેલી છે .) દશાંશપદ્ધતિ, વર્ગ, વર્ગમુળ , સમીકરણો, શૂન્ય, અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ સહિત ગણિતના અનેક ક્ષેત્રોની માહિતી આપી છે.
- આ ગ્રંથમાં તેમણે ગુણાકાર, ભાગાકાર, સરવાળા, બાદબાકી, વર્ગમૂળ, ઘનમૂળ, ત્રિરાશિ વગેરેની ગણતરીઓ અને રીતો આપી છે. ઈ. સ. 1818માં પેશાવર (પાકિસ્તાન) પાસેના એક ગામમાંથી આ વિષયનો એક અમૂલ્ય ગ્રંથ મળતાં આધુનિક જગતને આ બાબતની પુરાવો મળ્યો છે. આર્યભટ્ટ ખગોળશાસ્ત્રના વિદ્વાન અને નક્ષત્ર વૈજ્ઞાનિક પણ હતા.
- તેમણે પોતાના 'આર્યભટ્ટીય' ગ્રંથમાં પૃથ્વી ગોળ છે અને તે પોતાની ધરી પર સૂર્યની પ્રદક્ષિણા કરે છે પરિણામે રાતદિવસ થાય છે. વરાહમિહિર : વરાહમિહિર ગુપ્તયુગના મહાન ખગોળશાસ્ત્રી હતા. તેઓ સમ્રાટ વિક્રમાદિત્ય (ચંદ્રગુપ્ત દ્વિતીય)ના દરબારના નવ રત્નોમાંના એક હતા. તેમણે પોતાના 'બ્રહદસંહિતા' ગ્રંથમાં જ્યોતિષશાસ્ત્રના ત્રણ ભાગ પાડ્યા છે : (1) તંત્ર, (2) હોરા અને (3) સંહિતા. આકાશી ગ્રહોની માનવીના ભવિષ્ય પર થતી અસરો, લગ્ન, વાવણી, વાસ્તુ, કૂવાઓ ખોદવા વગેરે પ્રસંગોનાં મુહુર્તાની વિગતો આપી છે.

3. "નાલંદા વિદ્યાપીઠ એ વિશ્વવિદ્યાપીઠ હતી." વિગતે ચર્ચા કરો.

- બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે 'નાલંદા વિદ્યાપીઠ' હતી, તે પ્રાચીન રાજગૃહથી ઉત્તરમાં આવેલી હતી.આ વિદ્યાપીઠમાં મહાવીર સ્વામીએ ચૌદ વખત ચાતુર્માસ કર્યો હોવાથી આ સ્થળ 'જૈનતીર્થ' બન્યું. નાલંદા બૌદ્ધ ધર્મના મહાયાન સંપ્રદાયનું મુખ્ય મથક હતું. કુમારગુપ્ત પાંચમી સદીમાં અહીં એક વિહાર બંધાવ્યો હતો. ત્યારપછી નાલંદાની પ્રસિદ્ધિમાં વધારો થયો હતો.
- અહી "રત્નસાગર" , નાંદધિ અને 'મનોરંજક' નામના ત્રણ મહાન પુસ્તકાલયો હતા. જેમાં હજારો હસ્તલિખિત ગ્રંથોના અમૂલ્ય ભંડારો હતા. ચીની યાત્રાળુ યુઅન ધ્વાંગ અને ઇસિંગે આ વિદ્યાપીઠની જાહોજલાલીના વર્ણન કર્યા છે. અહી બોધ્ધતત્વ જ્ઞાન , બાહ્મણ ધર્મના તત્વજ્ઞાન ઉપરાંત વિજ્ઞાન, સામાજિક શાસ્ત્રો, કલા કારીગરી, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, આયુર્વેદ, સાંખ્ય યોગ, ન્યાયદર્શન વગેરે વિષયોનો અભ્યાસ થતો.

- આ વિદ્યાપીઠમાં વિદ્યાથીઓ પાસેથી ફી લેવામાં આવતી નહિ. રાજામો અને શ્રેષ્ઠીમોએ આપેલા દાનમાંથી તેનો નિભાવ થતો . વર્ગવ્યાખ્યાનો અને ચચર્ચા મિાટે નાનામોટા 300 ખંડો હતા. આ વિદ્યાપીઠમાં શિક્ષણનું ધોરણ ખૂબ ઊંચું હતું અને પરીક્ષાનું ધોરણ પણ કડક હતું. આ વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે ખુબ ધસારો રહેતો. પ્રવેશ માટે પરીક્ષા રખાપવી પડતી.
- 'પરીક્ષા લેનાર દ્વારપંડિતો' કહેવાતા. તેમનું પરીક્ષણ એટલું કડક હતું કે દસમાંથી બે કે ત્રણ વિદ્યાર્થીને જ સફળતા મળતી. નાલંદામાંથી અભ્યાસ કરીને બહાર રખાવનાર વિદ્યાર્થી ભારતનો આદર્શ વિદ્યાર્થી ગણાતો. યુગન શવાંગે જ્યારે વિદ્યાપીઠમાં અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો ત્યારે 8500 વિદ્યાથીઓ અને 1510 શિક્ષકો હતા.
- આ વિદ્યાપીઠના આચાર્યોમાં શિલભદ્ર, નાગાર્જુન, અસંગ, વસુબંધુ, દિગનાથ વગેરે ખૂબ પ્રખ્યાત છે. ઈસની 5મીથી 11મી સદી દરમિયાનું નાલંદા વિદ્યાપીઠ શિક્ષણના સર્વોત્તમ સ્થાને હતી. બંગાળના પાલવંશના રાજા ધર્મપાલના સમયમાં વિક્રમશિલા વિદ્યાપીઠને પ્રોત્સાહન મળતાં નાલંદા વિદ્યાપીઠનો વૈભવ ઘટ્યો. 13મી સદીની શરૂઆતમાં બખત્યાર ખલજીના વિક્રમશીલા પરનાં નાક્રમણ દરમિયાન આ વિદ્યાપીઠનો નાશ કરી મુલ્યવાન ગ્રંથોને સળગાવી દેવામાં આવ્યા. તક્ષશિલા અને નાલંદા વિદ્યાપીઠમાં અભ્યાસ અને સંશોધન કરવા દેશવિદેશમાંથી અનેક વિધાર્થીઓ આવતા. યુઆન  શવાંગ પોતાની સાથે 657 હસ્તલિખિત ગ્રંથો ચીન લઈ ગયો હતો .

4. ગુપ્ત સમય દરમિયાન સ્થાપત્ય, શિલ્પ અને ધાતુ કામનો એકએક નમૂનો પસંદ કરી અને દરેકનાં વર્ણનરૂપે પાંચ વાક્યો લખો.

- રાજકીય શાંતિ અને આર્થિક સમૃદ્ધિના પરિણામે ગુપ્ત સમય દરમિયાન સ્થાપત્ય, શિલ્પ અને ધાતુ કામના ક્ષેત્રે અદ્વિતીય પ્રગતિ સધાઈ હતી.

  1. સ્થાપત્ય : ગુપ્ત સમય દરમિયાન વિષ્ણુ અને બ્રિાવના અનેક મંદિરો બન્યા. આ મંદિરો ઈંટ અને પથ્થરોનાં બાધેલા હતા. આ મંદિરો માટે ભાગે ઊંચી પીઠિકાઓ પર, સીડીઓવાળા અને શિખરબદ્ધ છે. આ મંદિરોમાં ગર્ભગતની ફરતે પ્રદક્ષિણા પથ રાખવામાં આવતો હતો. દશાવતાર મંદિર ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લાના દેવગઢમાં આવેલું છે, આ મંદિર સંક્રાંતિ કાળનો સુંદર નમૂનો છે, જેનું શિખર આશરે 10 ફૂટ ઊંચું છે. આ મંદિરના બારસાખ પર. ગંગા અને યમુનાના અવતરણનાં શિલ્પો છે.

  2. શિલ્પ : ગુપ્ત સમય દરમિયાન શિલ્પકલાના ક્ષેત્રે ગણનાપાત્ર વિકાસ થયો. શિલ્પકલામાં પાષાણે, ધાતુ અને કાષ્ઠશિલ્પનો સમાવેશ થાય છે. ગુપ્ત સમય દરમિયાન મંદિરો, મહેલો, સૂપ, મંદિરો વગેરેમાં બનાવેલા પથ્થરના તોરણવાળા પ્રવેશદ્વારો અને ગોપુરની વિશિષ્ટ પ્રકારની રચનાઓ વિશ્વના ઇજનેરોને આશ્ચર્યચકિત કરે છે. 'સારનાથનો સ્તંભ' શિલ્પક્લાની શ્રેષ્ઠતમ કલાકૃતિ છે.

- આ સમયમાં ગાંધારશૈલીની મુર્તિઓનું ઘડતર ઓછું થવા લાગ્યું જ્યારે મથુરા અને અમરાવતીની મૂર્તિવિધાન કલા વધુ જોવા મળે મથુરા શિલ્પ કલાનું મુખ્ય કેન્દ્ર હતું. અહીંની મહાવીર સ્વામીની પ્રતિમા, વિષ્ણુની પ્રતિમા, શિવ, સૂર્ય અને ઈન્દ્રની મૂર્તિઓ વગેરે મૂર્તિશિલ્પ કલાના ઉત્તમ નમૂના છે. ગુપ્ત સમયના કલાના સર્વોત્તમ નમૂનાઓ મોટે ભાગે કુમારગુપ્તના સમયના છે.

  3. ધાતુકામ : ગુપ્ત સમય દરમિયાન ધાતુકલાનો પણ વિકાસ થયો હતો. નાલંદા(સુલતાનગંજ)માં બુદ્ધની એક ટન વજન ધરાવતી કાંસાની પ્રતિમા ધાતુકલાનો ઉત્તમ નમૂનો છે. કુમારગુપ્ત બીજાના સમયની રાજમહોર ચાંદીમાંથી

બનાવવામાં આવી હતી. ગુપ્ત સમય દરમિયાનના મોટા ભાગના સિક્કાઓ સોના અને ચાંદીમાંથી બનેલા છે. નાલંદા વિદ્યાપીઠના આચાર્ય નાગાર્જુન સામાન્ય ધાતુમાંથી સુવર્ણ બનાવવાની રીતના જાણકાર હતા. આ સમયના કારીગરો લોખંડ ગાળવાની પદ્ધતિથી જાણકાર હતા. આવા લોખંડમાંથી લશ્કરી આયુધો, બખ્તર, તલવાર, ભાલા વગેરે બનાવવામાં આવતા; જે દેશભરમાં પ્રસિદ્ધ હતાં.

5. હર્ષકાલીન સમાજની મહિલાઓની સ્થિતિની સમીક્ષા કરો.

- વિદેશીઓના સંપર્કના કારણે હર્ષકાલીન ભારતીય સમાજ ના લોકોના ખોરાક, પોશાક અને જીવન જીવવાની રીતમાં ફેરફાર થયા હતા. આ સમયની મહિલાઓ શરીર પર સુગંધી દ્રવ્યોનો વપરાશ કરતી હતી. ઉચ્ચ વર્ગની મહિલાઓમાં સ્વયંવર (પોતાના પતિ પસંદ કરવાની) પ્રથા હતી. મહિલાઓ છુટથી હરીફરી શકતી, તેઓ સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરતી. ગળાનો હાર, કટિમેખલા એ આ સમય સૌથી પ્રચલિત ઘરેણાં હતાં. અજતાનાં ચિત્રોમાં મહિલાઓના વાળ ઓળવાની અને તેને ગૂંથીને બાંધવાની અનેક મોહક રીતો જોવા મળે છે. હોઠ રંગવાના અને ચહેરાનાં સુશોભન માટેનાં પદાર્થો પ્રચલિત હતા. મહિલાઓમાં કમર પર જાતજાતનાં સુંદર વસ્ત્રો બાંધવાનો રિવાજ હતો. ચંદન જેવા સુગંધિત લેપ વડે શરીરને સુંદર બનાવવાનો રિવાજ હતો. મહિલાઓમાં હાથની હથેળી, પગની પાની અને નખ રંગવાની લલિતકલાઓ ખૂબ જ લોકપ્રિય હતી. મહિલાઓનાં આભૂષણોમાં અનેક વિવિધતાઓ હતી.

6. ચીની મુસાફર યુએનવાંગે ભારત વિશેની કઈ કઈ માહિતી આપી છે ?

- ચીની મુસાફર યુએનસ્વાંગ, ફાહિયાન પછી આશરે 200 વર્ષ પછી સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં ભારત આવ્યો હતો. 26 વર્ષની વયે બુદ્ધની જન્મભૂમિનાં દર્શન કરવાની ઉત્કટ તમન્ના જાગતાં તે ઈ. સ. 630માં ભારત આવ્યો હતો. તે કુલ 15 વર્ષ ભારતમાં રહ્યો હતો.
- ઈ. સ. 645માં તે ચીન પાછો ફર્યો ત્યારે પોતાની સાથે કુલ 657 ગ્રંથોની નકલો લઈ ગયો હતો. તેણે પોતાના પુસ્તક 'સિયુકી' (બુદ્ધિસ્ટ રેકૉર્ડ્સ્ ઓફ ધ ઈસ્ટનવર્ડ પૂર્વના દેશ ભારતની બૌદ્ધધર્મી નોંધ)માં હર્ષવર્ધનના સમયનું સવિસ્તર વર્ણન કર્યું છે.

  1. રાજકીય ક્ષેત્રે : યુએનવાંગની નોંધ માં ભારતના સમ્રાટ હર્ષવર્ધનનો સાર્વત્રિક પ્રભાવ સ્પષ્ટ જોવા મળે છે. સમ્રાટ હર્ષવર્ધન એક પ્રજાકલ્યાણકારી, કર્તવ્યનિષ્ઠ, ન્યાયી એના ઉદાર શાસક હતો. તેણે પોતાની દિનચર્યાનો એક ભાગ રાજ કાજ માટે તથા બે ભાગ પૂજા અને ધર્મ પાછળ ફાળવ્યા હતા. તેના વહીવટીતંત્રમાં રાજા કેન્દ્રસ્થાને હોવા છતાં તે પ્રજાકલ્યાણકારી, અસરકારક અને સાદો હતો. પ્રજા પાસે નિઃશુલ્ક સેવા (વેઠ) કરાવવાની પ્રથા ન હતી. ભૂમિદર (ઊપજનો માત્ર 1/6 ભાગ) અને વેપારઉદ્યોગમાંથી વૈરારૂપે થતી આવક એ રાજ્યની આવકના બે મુખ્ય સ્ત્રોતો હતા. રાજ્યની આવકના ચાર ભાગ પાડી એક ભાગ રાજ્યના વહીવટ માટે બીજો ભાગ અધિકારીઓના પગાર માટે, ત્રીજો ભાગ વિદ્વાનોના પરસ્કાર માટે અને ચોથો ભાગ દાનધર્મ પાછળ ખર્ચવામાં આવતો હતો.

- સમગ્ર વહીવટીતંત્ર સુવ્યવસ્થિત, સુરક્ષિત અને કાર્યક્ષમ હતું. ગુનાઓનું પ્રમાણ ઓછું હતું. સમ્રાટ હર્ષવર્ધનનું લકર સમર્થ અને વિશાળ હતું. તેમાં એક લાખનું અશ્વદળ, 60 હજારનું હસ્તિદળ અને 50 હજારનું પાયદળ હતું.

વિવિધ મંત્રીઓ તેથો કુશળ અધિકારીઓની સલાહ અને સહાયથી સમ્રાટ સમગ્ર રાજયનો સુંદર વહીવટ કરતો હતો.

2. સામાજિક ક્ષેત્રે યુએનશ્વાંગની નોંધ મુજબ તમામ નગરો અને ગામોને ફરતી ઊંચી, પહોળી દીવાલો અને દરવાજા હતા. શેરીઓ સાંકડી અને રસ્તાઓ વાંકાચૂંકા તથા ધૂળિયા હતા. સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ઉપરાંત પાંચમી 'મિશ્રજાતિ' હતી. બ્રાહ્મણો પનપાઠન તથા રાજ કાજમાં, ક્ષત્રિયો યુદ્ધકાર્યમાં, વૈશ્યો વેપારઉદ્યોગમાં અને શૂદ્રો સમાજના સેવાકાર્યમાં રોકાયેલા હતા. અનુલોમ તથા પ્રતિલોમ લગ્ન, બાળલગ્ન, બહુપત્નીપ્રથા, પડદાપ્રથા, સતીપ્રથા, વેશ્યાપ્રથા અસ્તિત્વ ધરાવતી હતી.

- વિધવાવિવાહ અને વેઠપ્રથા ઓછી પ્રચલિત હતી. ખોરાકમાં ઘઉં, જવ, ચોખા, દૂધ અને તેની બનાવટો, ફળ તથા શાકભાજીનો ઉપયોગ થતો. લોકો વસ્ત્રાભૂષણ અને લસુશોભનના શોખીન હતા. સાદાં અને સ્વચ્છ વસ્ત્રોનું પ્રચલન હતું. પશુપક્ષીઓની સાઠમારી, નાટકસંગીત, શતરંજ અને સોગઠાબાજી તથા વિવિધ ઉત્સવો અને દિવાળીહોળી જેવા તહેવારો ઉત્સાહપૂર્વક ઉજવાતો. પ્રજાજીવને સાદું, સાત્ત્વિક, સદાચારી તથા સત્ય અને ન્યાય પર આધારિત હતું. છળ કપટ કે વચનહેરને પાપ ગણવામાં આવતું.

3. આર્થિક ક્ષેત્રે : યુઆન  વાંગની પ્રવાસનોંધમાં આર્થિક ક્ષેત્રનું સ્પષ્ટ વર્ણન જોવા મળતું નથી, પરંતુ અન્ય વર્ણનોના આધારે જણાય છે કે લોકો આર્થિક ક્ષેત્રે સુખી, સંપન્ન અને સલામત હતા. ખેતી,પશુપાલન અને વેપાર ધંધો લોકોના મુખ્ય વ્યવસાયો હતો. દેશનો આંતરિક અને બાહ્ય વેપાર સમૃદ્ધ હતો.

- પાટલિપુત્રથી ભૃગુકચ્છ સુધીના પાકા માર્ગો હતા. વિદેશવેપાર જહાજો મારફતે થતો. કાપડ, વણાટ અને ધાતુકામનો ઉદ્યોગ વિકસ્યો હતો. લોખંડ ગાળીને વિવિધ વસ્તુઓ બનાવવામાં આવતી હતી. કિંમતી ધાતુઓમાંથી મૂર્તિઓ બનાવવાનો ધંધો વિકસ્યો હતો. તે સમયે સમગ્ર રાજ્ય માં વેપારીઓના ધંધાદારી શ્રેણીઓ અને નિગમો હતાં. રાજભવનો, વેપારીઓ અને શ્રીમંતોના મહેલો, ભવ્ય મંદિરો તથા બોદ્ધ મઠો અને વિહારોની ભવ્યતા અને સમૃદ્ધિ જોઈ યુએનશ્વાંગ અત્યંત પ્રભાવિત અને પુલકિત થયો હતો.

4. ધાર્મિક ક્ષેત્રે : તે સમયમાં ભારતને બ્રાહ્મણધમાં દેશ માનવામાં આવતો હતો. છતાં સમ્રાટ હર્ષવર્ધન બૌદ્ધ સહિત અન્ય ધમાં પ્રત્યે ઉદાર અભિગમ ધરાવતો હતો. ગંગા નદીનું સ્નાન અને જળને પવિત્ર માનવામાં આવતું હતું. પ્રયાગના સંગમનું વિશેષ ધાર્મિક મહત્વ હતું. આથી હર્ષવર્ધન દર પાંચ વર્ષે પ્રયાગમાં 'મહામોક્ષ પરિષદ' ભરી જ્ઞાનગોષ્ઠિ તથા દાનપુણ્ય કરતો. ગાંધાર, પુરુષપુર, જલંધર, કપિલવસ્તુ , કુશીનગર, વૈશાલી, પાટલિપુત્ર, કોશલ અને ઓડિશાનાં કેટલાંક સ્થળોએ બૌદ્ધ ધર્મનોવિશેષ પ્રભાવ હતો. તક્ષશિલા , ગયા અને નાલંદાનાં વિશ્વવિદ્યાલયો બોદ્ધ ધર્મનાં વિદ્યાધામ હતાં. હિન્દુ ધર્મના વિવિધ સંપ્રદાયો તથા જૈન ધર્મના શ્વેતાંબર અને દિગંબર પંથોનું અહી પ્રચલન હતું. વલભી વિદ્યાપીઠ જેને ધર્મના શૈક્ષણિક પ્રસારનું વિદ્યાધામ હતું.

7. સમ્રાટ હર્ષવર્ધને કેવા સંજોગોમાં સત્તા પ્રાપ્ત કરી? બૌદ્ધ ધર્મના પ્રચારપ્રસારમાં તેણે આપેલા પ્રદાનનું મૂલ્યાંકન કરો.

- ભારતના ઈતિહાસમાં ગુપ્તયુગ પછીના સમયને 'હર્ષકાળ' કહેવામાં આવે છે. ગુપ્તયુગની ભવ્યતા અને જાહોજલાલી પાંચમી સદીના અંત ભાગમાં ઝાંખી પડી અને છઠ્ઠી સદીના મધ્ય ભાગમાં તો મગધના ગુપ્ત સામ્રાજ્યનો અસ્ત થઈ ગયો.. સમ્રાટ હર્ષવર્ધનની સત્તા પ્રાપ્તિ : ગુપ્ત સામ્રાજ્યના સંધ્યાકાળે થાણે શ્વર(વર્તમાન

હરિયાણા  શ્રીકંઠ જનપદ) માં પુષ્યભૂતિ વંશના નરવર્ધન નામના સરદારે 'વર્ધનવંશ'ની સ્થાપના કરી હતી. તેના વંશમાં પ્રભાકરવર્ધન નામનો રાજા થયો.

- તેણે હૂણો, સિંધવાસી ગુર્જરો, માળવા અને ગાંધારના રાજાઓને હરાવીને 'મહારાજાધિરાજ'નો ઇલકાબ ધારણ કર્યો હતો. તેને રાજ્યવર્ધન અને હર્ષવર્ધન નામના બે પુત્રો અને રાજ્યશ્રી નામની એક પુત્રી હતી. પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરવા તેણે કનોજના રાજા ગૃહ વર્મન સાથે પોતાની પુત્રી રાજ્યશ્રીનાં લગ્ન કર્યા હતાં. પ્રભાકરવર્ધનનું અવસાન થતાં રાજ્યવર્ધનને ગાદી સોંપવામાં આવી. માળવાના રાજા દેવગણે તકનો લાભ લઈ કનોજ પર ચડાઈ કરી અને ગૃહવર્મનની હત્યા કરી તથા તેની વિધવા રાણી રાજ્યશ્રીને કનોજના મહેલમાં કેદ કરી.
- આ સમાચાર મળતાં રાજ્યવર્ધને સૈન્ય સહિત માળવા તરફ કૂચ કરી. તેણે માળવાના રાજા દેવગુપ્તને હરાવ્યો અને તેનો વધ કર્યા. આ સમાચારથી ઉશ્કેરાયેલા દેવગુપ્તના મિત્ર ગૌડ(બંગાળા)ના રાજા શશાંકે રાજ્યવર્ધનને મંત્રણાઓ કરવાના બહાને બોલાવીને તેના નામ કરાવ્યો. પરિણામે એકસાથે કનોજ અને થાણેશ્વરનાં રાજ્યો રાજા વગરના થઈ ગયાં. આ બંને રાજ્યોને સાચવવાની જવાબદારી હર્ષવર્ધન પર આવી પડી, મંત્રીઓ અને રાજ્યના આગેવાનોની સલાહથી હર્ષવર્ધનને થાણેશ્વરનો રાજા બનાવવામાં આવ્યો.
- આ સમયે કનોજનું રાજ્ય રાજા વિનાનું હતું. તેની ઉપર માળવા તથા ગૌડની દુશ્મનાવટ ઝઝુમતી હતી. તેથી કનોજના મંત્રીમંડળ તથા દરબારીઓએ હર્ષવર્ધનને કનોજના 'રાજપુત્ર' તરીકે ભાણેજ વતી કનોજની ગાદી સ્વીકારવા વિનંતી કરી, જેનો તેણે સ્વીકાર કર્યો. આમ, સમ્રાટ હર્ષવર્ધનના હાથમાં થાણેશ્વર અને કનોજનાં રાજ્યો આવતાં તેની સત્તામાં ઘણો વધારો થયો.
- બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રસારમાં સમ્રાટ હર્ષવર્ધનનું પ્રદાન : સમ્રાટ હર્ષવર્ધન મહાન વિજેતા અને કુશળ વહીવટકર્તા હોવા ઉપરાંત એક સંસ્કારી અને ધર્મપ્રિય રાજા હતો. તેના તામ્રપત્રો તથા બાણના 'હર્ષચરિત' પરથી માલુમ પડે છે કે હર્ષવર્ધન તેના પૂર્વજોની જેમ શૈવધર્મી હતો, પરંતુ ચીની મુસાફરી યુઅન શ્વાંગના અહેવાલ જણાવે છે કે જીવનનાં પાછલાં વર્ષોમાં તેણે બૌદ્ધ ધર્મ પ્રત્યે વિશેષ અનુરાગ દર્શાવ્યો હતો. બૌદ્ધ આચાર્ય દિવાકરના સંપર્કથી તેને બૌદ્ધ ધર્મમાં વધુ રસ પડ્યો હતો.
- બૌદ્ધ ધર્મના પ્રચાર માટે તેણે અનેક વિશ્રાંતિગૃહો, રૂગ્ણાલયો, મઠો અને વિહારો બંધાવ્યાં હતાં. તેણે પોતાના રાજ્યમાં જીવહિંસા અને માંસાહાર પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. તેણે નાલંદા બોદ્ધ વિદ્યાપીઠને ઘણી સહાય કરી હતી. હર્ષવર્ધન પ્રતિવર્ષ એક બોદ્ધ ધર્મસભા બોલાવતો અને દર પાંચ વર્ષે પ્રયાગ મુકામે જુદા જુદા ધર્મોના પંડિતોને બોલાવી મોટી ધર્મપરિષદનું આયોજન કરતો હતો. તેણે ચીની મુસાફર યુએનવાંગના માનમાં પ્રયાગમાં એક ખાસ ધર્મસભા બોલાવી હતી.